Tuesday
01.11.2022
*Volume :7 * Issue No.91
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM

Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# પ્રધાનમંત્રીએ કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો

**"ફરજ અને જવાબદારીનો માર્ગ મને અહીં સુધી લાવ્યો છે પરંતુ મારું હૃદય મોરબીમાં થયેલી દુર્ઘટનાના પીડિતો સાથે જ છે"**

**"દેશની એકતા માટે પોતાના અધિકારોનું બલિદાન આપનારા રાજવી પરિવારોના બલિદાનને સમર્પિત એક સંગ્રહાલય એકતા નગર ખાતે બનાવવામાં આવશે"**





- **"જ્યારે કોઇપણ ભેદભાવ રાખ્યા વગર છેવાડાની વ્યક્તિ સુધી જોડાણ સ્થાપિત થાય છે, ત્યારે સરકારી યોજનાઓ ભારતના દરેક ભાગ સુધી પહોંચે છે"**
- **"માળખાકીય સુવિધાઓ વચ્ચેનું અંતર જેટલું ઓછું હોય, એટલી જ એકતા વધુ મજબૂત બને છે"**



**"સરદાર પટેલની જન્મજયંતી અને એકતા દિવસ આપણા માટે માત્ર કેલેન્ડર પરની તારીખો જ નથી, પરંતુ તે ભારતની સાંસ્કૃતિક શક્તિની ભવ્ય ઉજવણી છે"**







- **"સમગ્ર દેશ સરદાર પટેલના દૃઢ સંકલ્પમાંથી પ્રેરણા લઇ રહ્યો છે"**
- **"ગુલામીની માનસિકતા, સ્વાર્થ, તુષ્ટિકરણ, ભાઇ-ભત્રીજાવાદ, લોભ અને ભ્રષ્ટાચાર દેશમાં ભાગલા પાડી શકે છે અને નબળો પાડી શકે છે"**
- **"આપણે એકતાના અમૃતથી ભાગલાના ઝેરનો સામનો કરવાનો છે"**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરીહતી અને આજે ઉજવાઇ રહેલા રાષ્ટ્રીય એકતા દિવસ સંબંધિત કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિતોને સંબોધન આપતી વખતે શરૂઆતમાં, પ્રધાનમંત્રીએ ગઇકાલે મોરબીમાં બનેલી દુર્ઘટનાના ભોગ બનેલા લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીહતી. તેમણેજણાવ્યું હતું કે, તેઓ ભલે કેવડિયામાં છે પરંતુ તેમનું હૃદય મોરબીમાંમાં બનેલી દુર્ઘટનાનો ભોગ બનેલા લોકો સાથે જોડાયેલુંછે. તેમણેકહ્યું હતુંકે, "એક તરફ, દુ:ખથી ભરેલું હૃદય છે, જ્યારે બીજી તરફ કર્મ અને કર્તવ્યનો માર્ગ છે". તેમણે રેખાંકિત કર્યું કે, ફરજ અને જવાબદારીનો માર્ગ જ તેમને અહીં રાષ્ટ્રીય એકતા દિવસ પર લઈને આવ્યો છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે બનેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તમામ લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી અને હૈયાધારણ આપી હતી કે સરકાર પીડિતોના પરિવારો સાથે ખભાથી ખભો મિલાવીને ઊભી છે. રાજ્ય સરકાર હાલમાં બચાવ કાર્યમાં લાગી ગઈ છે અને કેન્દ્ર સરકાર દ્વારા શક્ય હોય તેવી દરેક મદદ પહોંચાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે સેના અને વાયુસેનાની ટીમો ઉપરાંત, બચાવ કામગીરીમાં દ્રઢ઼ઈહ્નની ટીમો તૈનાત કરવામાં આવી છે જયારે ઈજાગ્રસ્તોની સારવાર કરતી હોસ્પિટલોને પણ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી બચાવ કામગીરી હાથ ધરવા માટે મોરબી પહોંચ્યા હતા અને ઘટનાઓની તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ દેશના લોકોને ખાતરી આપી હતી કે, જ્યારે બચાવ કામગીરીની વાત આવે ત્યારે કોઈ ખામીઓ નહીં રહે. આ દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને અહી પૂર્વનિર્ધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ ૨૦૨૨માં એકતા દિવસના મહત્વને રેખાંકિત કરતા જણાવ્યું હતું કે "આ તે વર્ષ છે જ્યારે આપણે આપણી આઝાદીના ૭૫ વર્ષ પૂરાં કર્યા છે અને આપણે નવા સંકલ્પો સાથે આગળ વધી રહ્યા છીએ." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, દરેક તબક્કે એકતા જ રૂરી છે, પછી ભલે તે પરિવાર હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય. તેમણે ઉમેર્યું હતું કે, આ લાગણી સમગ્ર દેશમાં ૭૫,૦૦૦ એકતા દોડના સ્વરૂપે પ્રગટ થાય છે. તેમણે આગળ કહ્યું હતું કે, "સમગ્ર દેશસરદાર પટેલના દૃઢ સંકલ્પમાંથી પ્રેરણા લઈ રહ્યો છે. દરેક નાગરિક દેશની એકતા માટે સંકલ્પ લઈ રહ્યો છે અને 'પંચ પ્રણ'ને ઉજાગર કરી રહ્યો છે". પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "જો આપણી સ્વતંત્રતાની લડાઈ સરદાર પટેલ જેવા નેતાઓના નેતૃત્વમાં ન હોત તો તે સમયની પરિસ્થિતિની કલ્પના કરવી પણ અઘરી છે. જો ૫૫૦ થી વધુ રજવાડાઓનું વિલિનીકરણ ન થયું હોત તો શું થાત? પ્રધાનમંત્રીએ પૂછ્યું હતું કે, "જો આપણા રજવાડાઓએ મા ભારતી માટે બલિદાન અને તેના શ્રદ્ધાની ઊંડી ભાવના ન દર્શાવી હોત તો, શું થયું હોત?" તેમણે ઉમેર્યું હતું કે, આ અશક્ય લાગતું કામ સરદાર પટેલે પૂર્ણ કર્યું હતું". તેમણે કહ્યુંહતુંકે, "સરદાર પટેલની જયંતી અને એકતા દિવસ આપણા માટે માત્ર કેલેન્ડર પરની તારીખો જ નથી, પરંતુ તે ભારતની સાંસ્કૃતિક શક્તિની ભવ્ય ઉજવણી છે. ભારત માટે, એકતા ક્યારેય મજબૂરી રહી જ નથી, પરંતુ એ તો હંમેશા આપણા દેશની વિશેષતા રહી છે. "એકતા આપણી વિશિષ્ટતા રહી છે," આ વાત ભારપૂર્વક કહેતા પ્રધાનમંત્રીએ આગળ જણાવ્યું હતું કે, ગઈ કાલે મોરબીમાં બનેલી દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશ એક બનીને આગળ આવ્યો છે અને દેશના દરેક ભાગમાંથી લોકો પ્રાર્થના અને મદદ કરી રહ્યા છે. મહામારી સમય દરમિયાન, આ એકતા દવા, રાશન અને રસીમાં સહકાર માટે 'તાલી-થાળી'ની ભાવનાત્મક એકતામાં સંપૂર્ણપણે જોવા મળી હતી. આ જ ભાવના રમતગમતમાં મળતી સફળતાઓ અને તહેવારો દરમિયાન જોવા મળે છે અને જ્યારે આપણી સરહદો જોખમાય છે અને આપણા સૈનિકો તેનું રક્ષણ કરે છે ત્યારે જોવા મળે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ બધું ભારતની એકતાના ઊંડાણનું પ્રતીક છે. તેમણે પોતાની વાત ચાલુ રાખતા જણાવ્યું હતું કે, આ એકતા, સદીઓથી આક્રમણકારો માટે તેમના માર્ગમાં આવતો એક કાંટો રહી છે અને તેમણે ભાગલા પાડીને તેને નબળી પાડવાનો પ્રયાસ કર્યો છે. જો કે, તેમના કાવતરાઓને આપણી ચેતનામાં જીવંત પ્રવાહ તરીકે વહેતી એકતાના અમૃત દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યા હતા. તેમણે દરેકને સતર્ક રહેવાનું કહ્યું હતું કારણ કે ભારતના વિકાસ અને પ્રગતિની ઈર્ષ્યા કરતી શકિતઓ હજુ પણ સક્રિય છે અને જાતિ, પ્રદેશ, ભાષાના આધારે ભાગલાને વેગ આપવાના તેમના પ્રયાસો ચાલુ જ છે અને તેમજ ઈતિહાસને પણ ભાગલાકારી રીતે રજૂ કરવામાં આવ્યો છે. તેમણે ગુલામીની માનસિકતા, સ્વાર્થ, તુષ્ટિકરણ, ભાઈ-ભત્રીજાવાદ, લોભ અને ભ્રષ્ટાચાર સામે સૌને ચેતવ્યા હતા, જે દેશમાં ભાગલાનું કારણ શકે છે અને દેશને નબળો પાડી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, "આપણે એકતાના અમૃતથી ભાગલાના ઝેરનો સામનો કરવો પડશે". પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "એકતા દિવસના અવસર પર, હું સરદાર સાહેબ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીનો પુનરોચ્ચાર કરવા માગું છું." તેમણે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રની એકતાને મજબૂત કરવાની જવાબદારી નાગરિકોની છે અને આ ત્યારેજ શક્યબનશે જ્યારે દેશનો દરેક નાગરિક જવાબદારીની ભાવના સાથે ફરજો નિભાવવા તૈયાર થશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ જવાબદારીની ભાવના સાથે, સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ અને સબ કા પ્રયાસ એક વાસ્તવિકતા બનશે અને ભારત વિકાસના માર્ગ પર આગેકૂચ કરશે." તેમણે જણાવ્યું હતું કે, સરકારની નીતિઓ કોઈપણ ભેદભાવ વિના દેશના દરેક વ્યક્તિ સુધી પહોંચી રહી છે. આ અંગે ઉદાહરણ આપતાં, પ્રધાનમંત્રીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, અરુણાચલ પ્રદેશના સિયાંગના લોકોને પણ ગુજરાતના સુરતમાં રહેતા લોકોની જેટલી જ સરળતાથી રસી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. AIIMS જેવી તબીબી સંસ્થાઓ હવે માત્ર ગોરખપુરમાં જ નહીં પરંતુ બિલાસપુર, દરભંગા, ગુવાહાટી, રાજકોટ અને દેશના અન્ય ભાગોમાં પણ મળી શકે છે. તેમણે માહિતી આપી હતી કે, માત્ર તમિલનાડુમાં જ નહીં પરંતુ ઉત્તરપ્રદેશમાં પણ સંરક્ષણ કોરિડોરના વિકાસનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભલે વિવિધ પ્રદેશોમાં જુદી જુદી ભાષાઓ બોલવામાં આવતી હોય, પરંતુ કતારમાં રહેલી છેલ્લી વ્યક્તિ સાથે પણ જોડાણ સ્થાપિત કરવાથી સરકારી યોજનાઓનો લાભ ભારતના દરેક ભાગમાં પહોંચી રહ્યો છે. પ્રધાનમંત્રીએ કેવી રીતે આપણા દેશના લાખો લોકો મૂળભૂત જરૂરિયાતો મેળવવા માટે દાયકાઓ સુધી પ્રતિક્ષા કરતા રહ્યા તે બાબત પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, "માળખાકીય સુવિધાઓ વચ્ચેનું અંતર જેટલું ઓછું હોય, એકતા એટલી જ મજબૂત બને છે". તેમણે નોંધ્યું હતું કે, ભારત દરેક યોજનાનો લાભ દરેક લાભાર્થીને પહોંચે તેવા હેતુ સાથે સંતૃપ્તિના સિદ્ધાંત પર કામ કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ સૌના માટે ઘર, બધા માટે ડિજિટલ કનેક્ટિવિટી, બધા માટે સ્વચ્છ રસોઈ અને સૌના માટે વીજળી જેવી યોજનાઓના ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ટાંક્યું હતું કે, ૧00% નાગરિકો સુધી પહોંચવાનું મિશન માત્ર સમાન સુવિધાઓ સુધી જ સિમિત નથી પરંતુ સંયુક્ત લક્ષ્યો, સંયુક્ત વિકાસ અને સંયુકત પ્રયાસોના સમાન હેતુ પર પણ તેમાં ભાર મૂકવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું, કે જીવનની મૂળભૂત આવશ્યકતાઓ દેશ અને બંધારણમાં સામાન્ય માણસની આસ્થાનું માધ્યમ બની રહી છે અને સામાન્ય માણસના વિશ્વાસ માટે પણ તે એક માધ્યમ તરીકે કામ કરી રહી છે. ભારત માટેની સરદાર પટેલની દૂરંદેશી અંગે ટિપ્પણી કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "દરેક ભારતીયને સમાન તકો મળશે, અને દરેકમાં સમાનતાની ભાવના જાગશે. આજે દેશ એ જ દૂરંદેશીને સાકાર થતી જોઈ રહ્યો છે." દાયકાઓથી ઉપેક્ષિત રહ્યા હોય તેવા દરેક વર્ગને છેલ્લા ૮ વર્ષમાં દેશે પ્રાધાન્ય આપ્યું છે તે વાતને યાદ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આદિવાસીઓના ગૌરવને યાદ કરવા માટે દેશે આદિવાસી ગૌરવ દિવસની ઉજવણીની પરંપરા શરૂ કરી છે. આ અંગે પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, દેશના ઘણા રાજ્યોમાં આદિવાસી સંગ્રહાલયોનું નિર્માણ કરવામાં આવી રહ્યું. પ્રધાનમંત્રીએ દેશવાસીઓને માનગઢ ધામ અને જાંબુઘોડાનો ઈતિહાસ જાણવાનો આગ્રહ કર્યો હતો અને જણાવ્યું હતું કે વિદેશી આક્રમણકારો દ્વારા કરવામાં આવેલા અનેક નરસંહારોનો સામનો કર્યા પછી આપણને આઝાદી મળી હતી. તેમણે ઉમેર્યું હતું કે, "તે પછી જ આપણે સ્વતંત્રતાના મૂલ્ય અને એકતાના મૂલ્યને સમજી શકીશું." પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે એકતા નગર ભારતના એક મોડેલ શહેર તરીકે વિકાસ પામી રહ્યું છે જે માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર દુનિયામાં અભૂતપૂર્વ હશે. તેમણે રેખાંકિત કર્યું હતું કે, લોકો અને શહેરની એકતા જ લોકભાગીદારીની શક્તિથી વિકાસ પામી રહી છે અને તેને માત્ર ભવ્ય જ નહીં પરંતુ દૈવી દૃષ્ટિકોણ પણ આપે છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, "સ્ટેચ્યૂ ઓફ યુનિટીના રૂપમાં વિશ્વની સૌથી મોટી પ્રતિમાના નિર્માણની પ્રેરણાઆપણી વચ્ચે છે". એકતા નગરના વિકાસના મોડલ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, શહેરની ચર્ચા ત્યારે કરવામાં આવશે જયારે લોકો પર્યાવરણને અનુકૂળ મોડલ, દેશને પ્રકાશિત કરતા LED સાથેના વીજળી બચાવવાના મોડલ, સોલર શક્તિ પર ચાલતી સ્વચ્છ પરિવહન વ્યવસ્થાના મોડલ અને પ્રાણીઓ તેમજ પક્ષીઓની વિવિધ પ્રજાતિઓના સંરક્ષણના એક મોડેલ વિશે વાત કરશે. પ્રધાનમંત્રીએને ગઈ કાલે અહીં મિયાવાકી ફોરેસ્ટ અને મેઝ ગાર્ડનનું ઉદ્ઘાટન કરવાનો અવસર પ્રાપ્ત થયો તેને યાદ કર્યા હતા. તેમણે રેખાંકિત કર્યું કે એકતા મોલ, એકતા નર્સરી, વિવિધતામાં એકતા દર્શાવતા વિશ્વ વન, એકતા ફેરી, એકતા રેલવે સ્ટેશન અને આ તમામ પહેલ રાષ્ટ્રીયએકતાને મજબૂતકરવા માટે પ્રેરણારૂપ છે.

પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનના સમાપનમાં આઝાદી પછી દેશની એકતામાં સરદાર સાહેબે નિભાવેલી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, સદીઓથી સત્તાનું સુકાન સંભાળનારા રાજવી પરિવારોએ સરદાર પટેલના પ્રયાસોને કારણે દેશની એકતા માટે નવી વ્યવસ્થાના નિર્માણ માટે પોતાના અધિકારોનું બલિદાન આપ્યું હતું. આઝાદી પછીના દાયકાઓ સુધી તેમણે આપેલા આ યોગદાનની ઉપેક્ષા કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ સમાપન કરતા જણાવ્યું હતું કે, "હવે એકતા નગરમાં તે રાજવી પરિવારોના બલિદાનને સમર્પિત એક સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવશે. આ સંગ્રહાલય દેશની એકતા માટે બલિદાનની પરંપરાને નવી પેઢીઓ સુધી પહોંચાડશે".

## તંત્રી સ્થાનેથી......

સ્પેશિયલ કેમ્પેઈન ફોર ડિસ્પોઝલ ઑફ પેન્ડિંગ મેટર (SCDPM) ૨.૦ ના ભાગરૂપે બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના તમામ મુખ્ય બંદરોએ તેમના હિતધારકો સાથે બાકી ફરિયાદોના નિરાકરણ માટે વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપના આયોજનનો મૂળ ઉદ્દેશ્ય સ્થળ પર જ શક્ય તેટલી મહત્તમ સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો અને બાકીની એક માટે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સમયરેખા સાથે આગળ વધવાનો હતો. મુખ્ય બંદરોમાં પારાદીપ પોર્ટ ઓથોરિટીએ તેના વિવિધ હિતધારકો સાથે ફરિયાદ નિવારણ ફોરમનું આયોજન કર્યું હતું, જેમાં કન્સેશનર/કેપ્ટિવ બર્થ ઓપરેટર્સના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પોર્ટ મેનેજમેન્ટે સહભાગીઓના વિવિધ પ્રશ્નોને ઉત્સુકતાપૂર્વક સાંભળ્યા અને તેમાંથી મોટા ભાગના ઉકેલો લીધા. એ જ રીતે, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ પણ તેના વિવિધ હિસ્સેદારો જેમ કે ભારતીય ખેડૂત ખાતર સહકારી લિમિટેડ, કંડલા ઈન્ટરનેશનલ કન્ટેનર લિમિટેડ અને અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ સાથે પીપીપી ફરિયાદ નિવારણ ફોરમ પર એક વર્કશોપનું આયોજન કર્યું હતું. તમામ ટર્મિનલ ઓપરેટરો માટે મંત્રાલયની માર્ગદર્શિકા અનુસાર જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી દ્વારા 'PPP ફરિયાદ બેઠક'નું આયોજન કરવામાંઆવ્યું હતું. આ બેઠકનું નેતૃત્વ JNPAના અધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું હતુ જેમણે મોડલ વિશે માહિતી આપી હતી. મોર્મુગાવ પોર્ટ ઓથોરિટીએ પણ તે જ આયોજન કર્યુંહતું જ્યાં ટર્મિનલ ઓપરેટરોમે. SWPL(JSW) અને અદાણી મોર્મુગાઓ પોર્ટ ટર્મિનલ લિમિટેડે ભાગ લીધો હતો. ન્યુ મેંગલોર પોર્ટ ઓથોરિટી (NMPA) એ ખાસ ઝુંબેશ ૨.૦ના ભાગ રૂપે હાલના PPP અને કેપ્ટિવ ટર્મિનલ/બર્થના હિતધારકો સાથે 'PPP ફરિયાદ નિવારણ ફોરમ' પર હાઈબ્રિડ વર્કશોપનું આયોજન કર્યું હતું. બેઠકમાં તમામ એચઓડી, એનએમપીએના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. પીપીપી ફરિયાદ વર્કશોપ નિવારણ ફોરમમાં તમામ હિસ્સેદારો/કન્સેશનર હાજર હતા જ્યાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ, કોલકાતાએ તેના હિતધારકો સાથે PPP ફરિયાદ વર્કશોપનું આયોજન કર્યું હતું. TMILL સાથે લાંબા સમયથી ચાલી રહેલા મુદ્દા પર તેના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી અને સામાન્ય ઉકેલ કાઢવામાં આવ્યો હતો. સહભાગીઓમાં સેન્ચ્યુરી પોર્ટ્સ લિમિટેડના પ્રતિનિધિએ જણાવ્યું કે તેઓએ હજુ કામગીરી શરૂ કરવાની બાકી છે અને તેઓ કોન્ટ્રાક્ટના સમયપત્રકનું પાલન કરવાનો વિશ્વાસ ધરાવે છે. આ તમામ નિવારણ મંચની બેઠકો વિવિધ હિસ્સેદારો વચ્ચેના મતભેદોને દૂર કરશે અને પીપીપી પ્રોજેક્ટના અમલીકરણની ગતિને ઝડપી બનાવશે જેથી બહેતર અને વધુ કાર્યક્ષમ પોર્ટ સેવાઓમાં વધારો થશે. નોંધનીય છે કે, ૨જી ઓક્ટોબરથી ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન તેના અમલીકરણના તબક્કા દરમિયાન, ૨જી ઓક્ટોબરથી ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન, તમામ મોટા બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના મુખ્ય સચિવાલય, પેન્ડિંગ બાબતોના નિકાલ માટેની વિશેષ ઝુંબેશ ૨.૦ (SCDPM) ની એકંદર ભાવનાને અનુરૂપ અને અન્ય સંલગ્ન/સૌઓર્ડિનેટ ઓફિસોએ સ્વચ્છતા અને નિકાલની પડતર બાબતો માટે વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. વિશેષ ઝુંબેશ ૨.૦ ના ભાગ રૂપે, બંદરોએ ઘણી 'શ્રેષ્ઠ પ્રેક્ટિસ' પણ અમલમાં મૂકી છે જેમાં માત્ર ઓફિસ પરિસરમાં અને તેની આસપાસની સફાઈ પ્રવૃત્તિઓ, જાગૃતિ વર્કશોપ, ફાઈલો અને રેકોર્ડ્સનું ડિજિટાઈઝેશન, રોપા રોપણી, ઈ-કાર્સ વિવિધ નિયમો અને નિયમોને સરળ બનાવવું વગેરેનો સમાવેશ થાય છે.






# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મજયંતિ નિમિત્તે એકતાનો સંકલ્પ લીધો

## ગુજરાતના મોરબીમાં થયેલી દુર્ઘટનામાં જાનહાનિ પર વાણિજ્ય મંત્રીશ્રીએ વ્યથિત હૃદયે શોક વ્યક્ત કર્યો

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેરવિતરણ અને કાપડ મંત્રી, શ્રી પીયૂષ ગોયલે આજે ગઈકાલે ગુજરાતના મોરબીમાં થયેલી પુલ તૂટી પડવાની દુ:ખદ ઘટનામાં થયેલી જાનહાનિ બદલ વ્યથિત હૃદયે શોક વ્યક્ત કર્યો હતો. તેઓ આજે નવી દિલ્હીમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી 'રન ફોર યુનિટી'ને ફ્લેગ ઓફ કરાવતા પહેલા સભાને સંબોધી રહ્યા હતા. મંત્રીશ્રીએ અગાઉ ટ્વીટ કર્યું હતું કે તેમની સહાનુભૂતિ એ લોકો સાથે છે જેમણે આપત્તિમાં તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે. શ્રી ગોયલે વાંઝિયા ભવનના પરિસરમાંથી 'રન ફોર યુનિટી'ને લીલી ઝંડી બતાવતા પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મંત્રીએ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓને 'રાષ્ટ્રીય એકતા દિવસની પ્રતિજ્ઞા' પણ લેવડાવી હતી. ત્યારબાદ તેમણે વાણિજ્ય ભવનના પરિસર માંથી 'રન ફોર યુનિટી'ને ફ્લેગ ઓફ કર્યું હતું. શ્રી ગોયલે ૫૫૦ થી વધુ રજવાડાઓને એકીકૃત કરીને આધુનિક ભારતનું નિર્માણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રન ફોર યુનિટી કાર્યક્રમમાં ભાગ લીધો અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના તેમના સંકલ્પને સાકાર કરવાનો દ્રઢ સંકલ્પ લીધો.

# ભુજશહેરમાં રૂ.૪૮.૯૨ લાખના ખર્ચે ખારી નદી ખાતે સ્મશાનગૃહ તેમજ કમ્પાઉન્ડ વોલના કામનું ખાતમુહૂર્ત કરતાં વિધાનસભા અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય


કમલમ્ ન્યુઝ,ભુજ,

વિધાનસભા અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્યના વરદ હસ્તે રવિવારના રોજ રૂ. ૪૮.૯૨ લાખના ખર્ચે ખારી નદી લાકડીયા સ્મશાનગૃહ તેમજ કમ્પાઉન્ડ વોલના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૫મા નાણાપંચની અંતગર્ત ભુજ નગરપાલિકાને ખારી નદીના આ કામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ભુજ નગરપાલિકાના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, અગ્રણી સર્વેશ્રી બાલકૃષ્ણભાઈ મોતા, ગજેન્દ્રસિંહ જાડેજા, પરાક્રમસિંહ જાડેજા, કમલભાઈ ગઢવી, મનુભા જાડેજા, જયદિપસિંહ જાડેજા, સત્યરાજસિંહ જાડેજા, મહિદિપસિંહ જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા, ઘનશ્યામભાઈ સી.ઠક્કર સહિત ભૂતનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું



કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તો આજે સવારે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દોડના પ્રારંભ પૂર્વે મોરબીમાં સર્જાયેલી કરુણ દુર્ઘટના પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને મૃતાત્મા માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રની એકતા અને સુરક્ષા માટે શપથ લેવામાં આવ્યા હતા. આ રેલીમાં કોર્પોરેશન, પોલીસ અને વહીવટી તંત્ર તેમજ દોડવીરો, ખેલાડીઓ અને શહેરીજનો જોડાયા હતા.

દેશની સુરક્ષા, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને ટકાવી રાખવા, નાગરિકોમાં ભાઈચારાની ભાવના જાળવવા, નવી પેઢીમાં આ સંસ્કારોનું સિંચન થાય તેમજ લોકો સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહે તેવા હેતુથી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી કે જે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે પણ ઉજવાય છે તેની ઉજવણી પ્રસંગે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. રન ફોર યુનિટી સયાજીબાગના ગેટ નંબર ૨-થી શરૂ થઈ હતી. જે પંચમુખી હનુમાન મંદિરથી કીર્તી મંદિર રોડ થઈને સરકારી છાપખાનાથી કોઠી ચાર રસ્તાથી જેલ રોડ થઈ કાલાઘોડાથી પસાર થઈને સયાજીગંજ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સંપન્ન થઈ હતી.

# વિધાનસભા અધ્યક્ષશ્રીના હસ્તે આરટીઓ તેમજ રાવલવાડી રિલોકેશન સાઈટ ખાતે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત

## આરટીઓ રિલોકેશન સાઈટ વોર્ડ નં.૧૦માં રૂ.૩.૧૪ કરોડના ખર્ચે રોડ રિસર્ફેસિંગ તેમજ રૂ.૩.૨૫ લાખના ખર્ચે બ્રાઉન્ડ્રી વોલના કામનું ખાતમુહૂર્ત કરાયું



કમલમ્ ન્યુઝ,ભુજ,

વિધાનસભા અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્યના વરદ હસ્તે રવિવારના રોજ ભુજ નગરપાલિકા વિસ્તારમાં આરટીઓ અને રાવલવાડી રિલોકેશન સાઈટ ખાતે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના ગ્રાન્ટ અંતગર્ત ભુજ શહેરના વોર્ડ નં.૧૦ના આરટીઓ રિલોકેશન સાઈટમાં ડામર રોડ રિસર્ફેસિંગ કામ રૂ.૩,૧૪,૭૮,૧૬૬ના ખર્ચે તેમજ સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાની ગ્રાન્ટમાંથી શેરી નંબર ૧૦માં રૂ.૩.૨૫ લાખના ખર્ચે બ્રાઉન્ડ્રી વોલના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, રાવલવાડી રિલોકેશન સાઈટ ખાતે વિવિધ રોડ રસ્તાના રિસર્ફેસિંગ કામો હેતુ રૂ. ૩ કરોડના ખર્ચે વિકાસકામોનું અધ્યક્ષશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, વિવિધ રિલોકેશન સાઈટનો વિકાસ થાય તે?માટે રાજ્યસરકાર કટિબદ્ધ છે. ભુજિયા ડુંગરમાં આવેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્મૃતિવન મેમોરિયલ સામે આરટીઓ રિલોકેશન સાઈટનો વિસ્તાર એ સુવર્ણ વિસ્તાર છે. ભૂકંપ પછી બનાવવામાં આવેલી આ રિલોકેશન સાઈટના વિસ્તારમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરીને અધ્યક્ષશ્રીએ નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાનશ્રીના મન કી બાત કાર્યક્રમને પણ ઉપસ્થિત સૌએ સાંભળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાંધકામ સમિતિના ચેરમેનશ્રી મનુભા જાડેજાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ભુજ નગરપાલિકાના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, ઉપપ્રમુખશ્રી રેશ્માબેન ઝવેરી, અગ્રણી સર્વશ્રી બાલકૃષ્ણભાઈ મોતા, રસીલાબેન પંડ્યા, તાપસભાઈ શાહ, અસ્મિતાબેન ગોર, રાહુલભાઈ ગોર, કશ્યપભાઈ ગોર, મહિદિપસિંહ જાડેજા, ઘનશ્યામભાઈ સી.ઠક્કર, મનિષાબેન સોલંકી, કલ્પેશભાઈ ઠક્કર, મનોજભાઈ, દિલિપભાઈ ઠક્કર, દિનેશભાઈ ઠક્કર સહિત ચૂંટાયેલા પ્રતિનિધિઓ, આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી: શ્રી હર્ષ સંઘવી



કમલમ્ ન્યુઝ,

મોરબીમાં ઝૂલતા પુલ દુર્ઘટના અંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, આ ઘટનાની જાણ થતાં જ સમગ્ર તંત્ર તાત્કાલિક ધોરણે બચાવ કામગીરીમાં લાગી ગયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તમામ કાર્યક્રમો રદ કરીને અમદાવાદથી મોરબી જવા રવાના થઈ ગયા છે, એમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે જિલ્લા તંત્ર દ્વારા બચાવની કામગીરી ઝડપથી ચાલી રહી છે. રાજ્યના તમામ વિભાગો સહયોગ કરી રહ્યા છે. આ ઘટનાના ૧૫ મિનિટમાં જ જિલ્લા વહીવટી તંત્ર કામે લાગી ગયું હતું અને મોટાભાગના લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પણ પહોંચાડવામાં આવી રહ્યા છે. હોસ્પિટલમાં પહોંચેલા દર્દીઓમાંથી મોટાભાગના સ્વસ્થ સ્થિતિમાં છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું કે, પીએમ કાર્યાલય તરફથી પણ તમામ મદદની ખાતરી આપવામાં આવી છે. એનડીઆરએફની ટીમ પણ તેહનાત કરી દેવામાં આવી છે.

# વૈષ્ણવાચાર્ય પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીની ઉપસ્તિથીમાં શહેરના વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે નૂતનવર્ષે શ્રી પ્રભુસુખાર્થે ભવ્ય અન્નાકુટ મનોરથ દર્શન



કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

શહેરના માંજલપુર વિસ્તારમાં અનેક વર્ષોથી ધાર્મિક, સાંસ્કૃતિક એવમ સામાજિક તથા માનવતાલક્ષી કાર્યોની સુવાસ પ્રસરાવવા વ્રજધામ આધ્યાત્મિક સંકુલ અવિરતપણે કાર્યરત છે. આજે જયારે સમગ્ર વિશ્વભારતીય સંસ્કૃતિની પરંપરા અનુસાર પ્રચલિત પારંપરિક પર્વદિપાવલી એવમ નૂતનવર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરે છે ત્યારે, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની પરંપરા અનુસાર નૂતન વર્ષ નિમિતે શ્રી ઠાકોરજીનો ભવ્ય અન્નકૂટ મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં શ્રીપ્રભુ ને ૧૫ ડબ્બા ઘી ની સામગ્રી તથા ૩૦૦ કિલો સખડી (ભાત) નો ભોગ ધરાવાયો હતો. શ્રી પ્રભુને અન્નકુટમાં વિધવિધભોગ-સામગ્રી ધરાવવામાં આવી. સુંદર કલાત્મક રીતે સામગ્રી સજાવટ કરીને મધ્યમાં સખડી નો સુંદર શિખર બનાવવામાં આવ્યો હતો. આ ભવ્ય અન્નકુટ મનોરથ દર્શનાર્થે ૭૦૦૦ થી પણ વધુ વૈષ્ણવો શ્રદ્ધાભેર ઉમટી પડ્યા હતા, અને અન્નકૂટ દર્શન નો લાભ લઈ કૃતાર્થ થયા. સાથે સાથે પૂજ્ય શ્રી ના આશીર્વાદ પણ ગ્રહણ કર્યા.



# મોરબીમાં મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને પુલ દુર્ઘટના અંગે રિવ્યૂ બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,મહેશ ડી સિધવ

મોરબીમાં ઝુલતા પુલની દુર્ઘટના બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તત્કાળ પહોંચી અસરગ્રસ્તોની વ્હારે પહોંચી ગયા હતા અને ઘાયલોના ખબર અંતર પૂછ્યા બાદ મોરબીમાં રાત્રિ રોકાણ કરીને રેસ્ક્યુ ટીમને સર્ચ ઓપરેશન દરમિયાન માર્ગદર્શન આપ્યું હતું. આજે બીજા દિવસે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર સ્થિતને ધ્યાને લઈને જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ, પોલીસ સહિત અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે, મોરબી જિલ્લા કલેકટર કચેરી ખાતે રિવ્યૂ બેઠક યોજી હતી. આ બેઠકમાં ગૃહરાજયમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, પુલ દુર્ઘટના અંગે રચાયેલી હાઈપાવર કમિટીના વડાશ્રી રાજકુમાર બેનિવાલ, ઉદ્યોગ કમિશનર ડૉ. રાહુલ ગુપ્તા, મોરબી જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પગાર ભગદેવ, મોરબી જિલ્લા પોલીસ વડાશ્રી રાહુલ ત્રિપાઠી, રાજકોટ ગ્રામ્ય પોલીસવડાશ્રી જયપાલસિંહ રાઠોર, સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડાશ્રી હરેશ દુધાત સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે દુર્ઘટના બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જીવ ગુમાવનાર નાગરિકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાંથી પ્રત્યેક મૃતકના પરિવારજનને ૪ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી.

# તબીબો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ ઝુલતા પુલના ઈજાગ્રસ્તોની સારવાર માટે ખડેપગે હાજર

**મચ્છુ નદીનો ઝુલતો પુલ તુટવાની ઘટનાના ઇજાગ્રસ્તો મોરબીની સરકારી હોસ્પિટલમાં સારવાર લઇને થયા સ્વસ્થ**



કમલમ્ ન્યુઝ,
મહેશ ડી સિધવ

મચ્છુ નદીનો ઝુલતો પુલ તુટવાની ઘટનાના ઈજાગ્રસ્તોને મોરબીની સરકારી હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમાનાં મોટાભાગના દર્દીઓને સારી રીકવરી છે. સરકારી હોસ્પિટલના તબીબો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ ઈજાગ્રસ્તોની સારવાર માટે ખડેપગે સારવાર કરી રહયા હોવાનું હોસ્પિટલના અધિક્ષક ડો. પ્રદિપ દુધરેજિયાએ જણાવ્યુ હતું. મોરબીની જીએમઈઆરએસ સરકારી હોસ્પિટલમાં આ દુર્ઘટનાના પાંચ ઈજાગ્રસ્ત દર્દીઓ સારવાર લઈ રહયા છે. સારવાર લઈ રહેલા ૩૬ વર્ષીય અશ્વિનભાઈ ડોડિયા કહે છે કે, "હુ પુલ ઉપર હતો ત્યારે ત્રણ વાર અવાજ આવ્યા પછી પુલ તુટયો. હું વચ્ચે હતો. એટલે અનેક લોકો મારા ઉપરથી પડયા. મને હાથમાં ઈજા થઈ છે તેમજ મૂઢ માર લાગ્યો છે. પુલનું એન્ગલ મને હાથમાં વાગ્યું છે. આ જ એન્ગલ પકડીને હું પુલ ઉપર ચડીને બચી ગયો છું. સરકારી હોસ્પિટલમાં મારા હાથનો ફોટો પાડવામાં આવ્યો છે. મને ત્રણથી ચાર વાર દવા, ઈંજેકશન અપાયા છે. ડોકટરો, નર્સ પણ મારી ખબર-અંતર પૂછી જાય છે. આમ સરકારી સારવારથી મને સંતોષ છે. પુલ તુટવાથી ઈજાગ્રસ્ત થયેલા ૨૭ વર્ષના સિદિક મહમદભાઈ મોવલ કહે છે કે, મને તરતા નહોતું આવડતુ. પણ મેં પગ હલાવ્યા તો હું પાણી ઉપર આવી ગયો. પછી પુલ પકડીને બહાર નીકળી ગયો. પગમાંને હાથમાં કાંટા વાગ્યા છે. પેટમાં પાણી ભરાઈ જતાં ત્રણ કલાક બેહોશ થઈ ગયો હતો. પરંતુ સિવિલમાં સરસ તબીબી સારવાર મળતા હું હોશમાં આવ્યો છુ અને મારી તબિયતમાં સુધારો થયો છે.

# ગૃહમંત્રીએ દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે રન ફોર યુનિટીને લીલી ઝંડી બતાવી, શ્રી અમિત શાહે કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોને રાષ્ટ્રીય એકતાના શપથ પણ લેવડાવ્યા

**ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિનય કુમાર સક્સેનાએ નવી દિલ્હીમાં લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી**









કમલમ્ ન્યુઝ,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર, કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિત શાહ અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિનય કુમાર સકસેનાએ નવી દિલ્હીમાં લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી ગૃહમંત્રીએ દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે રન ફોર યુનિટીને લીલી ઝંડી બતાવી હતી. વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર, વિદેશ રાજ્ય મંત્રી શ્રીમતી મીનાક્ષી લેખી અને કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી નિશીથ પ્રામાણિક સહિત અનેક મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અમિત શાહે કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોને રાષ્ટ્રીય એકતાના શપથ પણ લેવડાવ્યા હતા. શ્રી અમિત શાહે ગઈકાલે ગુજરાતના મોરબીમાં પુલ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે આજના કાર્યક્રમનું વિશેષ મહત્વ છે કારણ કે આપણે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે અમે એવા વ્યક્તિની જન્મજયંતિ પર રાષ્ટ્રીય એકતાના મહત્વપૂર્ણ સંદેશને આગળ લઈ જઈ રહ્યા છીએ જેમણે સ્વતંત્રતા પછી આધુનિક ભારતનો પાયો નાંખ્યો અને તેના વિઝનને સાકાર કરવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું. શ્રી શાહે કહ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલનું નામ પડતાં જ આજના સંયુક્ત ભારતનો નકશો મનમાં આવી જાય છે અને જો સરદાર સાહેબ ન હોત તો આજનું વિશાળ, સંકલ્પબદ્ધ, શકિતશાળી ભારત શક્ય ન હોત. શ્રી અમિત શાહે કહ્યું કે આઝાદી પછી દેશની સૌથી મોટી સમસ્યા ૫૦૦ થી વધુ રજવાડાઓને એક કરીને ભારતીય સંઘની રચના કરવાની હતી અને તેની રચનામાં દેશના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન સરદાર સાહેબની મુખ્ય ભૂમિકા હતી.

તેમણે કહ્યું કે સરદાર સાહેબ જ હતા જેમણે પોતાની કુશળ અને અજોડ રાજકીય કુનેહથી આખા દેશને એક કર્યો. શ્રી શાહે જણાવ્યું હતું કે તે સમયે પણ રાષ્ટ્રવિરોધી શકિતઓએ દેશના વિભાજનમાં કોઈ કસર છોડી ન હતી, પરંતુ સરદાર સાહેબના પ્રયત્નોને કારણે જ આજે આપણે ભારતનો એકીકૃત નકશો જોઈ રહ્યા છીએ. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે આજે ભારત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તેની ૭૫મી સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યું છે, જેમણે ૨૦૪૭માં ભારત ક્યાં હશે તે અંગે સામૂહિક રીતે પ્રતિજ્ઞા લેવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

તેમણે કહ્યું કે ૧૩૦ કરોડ લોકો અને દેશના રાજ્યોનો સામૂહિક સંકલ્પ ૨૦૪૭માં સરદાર સાહેબની કલ્પનાના ભારતનું નિર્માણ કરવામાં ચોક્કસ સફળ થશે. શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે અનેક સીમાચિહ્નો હાંસલ કર્યા છે. છેલ્લા આઠ વર્ષથી ગુલામીના તમામ સ્વરૂપોમાંથી મુક્તિ મેળવીને સ્વાભિમાની, સમૃદ્ધ, મજબૂત અને સુરક્ષિત ભારતના નિર્માણ તરફ આગળ વધ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના દેશને એક કરવાના સંકલ્પને સાકાર કરીને ભારત આજે રાષ્ટ્રોના સમુદાયમાં ગર્વથી ઊભું છે. તેમણે કહ્યું કે સરદાર પટેલના વારસાને ઘણા વર્ષો સુધી અવગણવાના પ્રયાસો છતાં તેઓ તેમના ગુણોને કારણે અમર રહ્યા અને આજે સરદાર પટેલ રાષ્ટ્રના યુવાનો માટે પ્રેરણારૂપ છે. તેમણે કહ્યું કે, આજે દેશભરમાં એકતા રેસનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગ પર ચાલવાની પ્રતિજ્ઞા લેવામાં આવી રહી છે. લોખંડી પુરૂષ સરદાર પટેલના મહાન કાર્યોને યાદ કરીને શ્રી અમિત શાહે દેશવાસીઓને સરદાર પટેલના બતાવેલા માર્ગ પર ચાલવા અને ૨૦૪૭ સુધીમાં તેમના સંકલ્પને પૂર્ણ કરવા અપીલ કરી હતી.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય એકતા દોડી યોજાઇ

**રાષ્ટ્રીય એકતા દોડમાં ઉપસ્થિત સર્વે લોકોએ મોરબી પુલ તૂટવાની હોનારતમાં મૃત્યુ પામેલ નાગરિકોને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા**





કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

સમગ્ર દેશમાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ જયંતી, તા. ૩૧મી ઓક્ટોબર ને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દોડ ગાંધીનગર શહેરના ઘ-૪ નજીકના સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી આરંભ થયો હતો. આ દોડના આરંભે સહભાગી બનેલા સર્વે નાગરિકોએ રાષ્ટ્રીય એકતા ના શપથ લીધા હતા તેમજ મોરબી પુલ તૂટવાની હોનારતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં હતા. ત્યારબાદ સાદગી પુર્ણ રાષ્ટ્રીય એકતા દોડને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. રાષ્ટ્રીય એકતા દોડના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, અધિક નિવાસી કલેક્ટર શ્રી ભરત જોષી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી કેયુરભાઈ જેઠવા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારી શ્રી વિનય અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિ રહ્યા હતા.

# અંકલેશ્વર પાલિકા દ્વારા સરદાર પટેલ જયંતી નિમિત્તે રન ફોર યુનિટી યોજાઈ

**મોરબી ઝુલતા પુલ હોનારત ના મૃતકોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા**



**શારદા ભવન થી જવાહર બાગ સુધી રન ફોર યુનિટી લોકો જોડાયા**

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર પાલિકા દ્વારા સરદાર પટેલ જયંતી નિમિત્તે રન ફોર યુનિટી યોજાઈ હતી. મોરબી ઝુલતા પુલ હોનારત ના મૃતકોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. શારદા ભવન થી જવાહર બાગ સુધી રન ફોર યુનિટી લોકો જોડાયા હતા. સરદાર પટેલ જયંતિ નિમિત્તે દેશના લોહપુરુષ ને નમન કરવા અંકલેશ્વર પાલિકા દ્વારા રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.અને લોખંડી પુરુષ સરદાર પટેલ ના એકતા ના સંદેશ ને પહોંચાડવાના ના ઉદ્દેશ્ય સાથે યોજાયેલ રન ફોર યુનિટી નો પ્રારંભ જીનવાલા કમ્પાઉન્ડ ખાતે માં શારદા ભવન ટાઉન હોલ થી કરવામાં આવ્યો હતો. જ્યાં સૌ પ્રથમ ગત રોજ બનેલ મોરબી ઝુલતા પુલ હોનારત માં મૃત્યુ પામેલા સ્વજનો ને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ ઈજાગ્રસ્તો જલ્દી સાજા થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. બે મિનિટ મૌન પાડી પાલિકા પ્રમુખ વિનય વસાવા અને ઉપ પ્રમુખ કલ્પનાબેન મેરાઈ, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ દ્વારા લીલી ઝંડી બતાવી રન ફોર યુનિટી માં જોડાનાર નગરજનો ને પ્રસ્થાન કરાવ્યું હતું. જે યાત્રા શારદા ભવન થી નીકળી જવાહરબાગ ખાતે પહોંચી પૂર્ણ થાઇ હતી

# સરદાર ચોક, કુડાસણ ખાતે શહેર ભાજપ દ્વારા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજ્યંતિ ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.





કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે આઝાદીના લડવૈયા, ગુજરાતની ધરતીના પનોતા પુત્ર, આઝાદી બાદ દેશના એકીકરણનું ભગીરથ કાર્ય કરનાર લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે શહેર ભાજપ દ્વારા સરદાર ચોક, કુડાસણ સ્થિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંત પટેલ, અગ્રણીશ્રીઓ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી શ્રી સરદાર પટેલને પુષ્પમાળા અર્પણ કરી તેમના દેશ માટેના અમૂલ્ય યોગદાનને વંદનસહ બિરદાવ્યું હતું.

# હાંસોટના પંડવાઈ ખાતે શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી ખાતે શેરડી પીલાણ નો પ્રારંભ કરવામાં આવ્યો









- પંડવાઈ સુગરના ચેરમેન અને ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ની ઉપસ્થિતિ માં પીલાણ કાર્ય શરૂ કરાયુ
- સુગર ના ડિરેક્ટર અને સભ્યો ની હાજરી માં પ્રારંભ કરવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

હાંસોટ તાલુકાના પંડવાઈ ગામ ખાતે આવેલ અને ખેડૂતો ની જીવાદોરી સમાન શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી ખાતે સંસ્થા ના ચેરમેન અને ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ની ઉપસ્થિતિ માં શાસ્ત્રોક વિધિ દ્વારા શેરડી પીલાણ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના પંડવાઈ ગામ પાસે આવેલ અને હાંસોટ ,અંકલેશ્વર ,વાલિયા તેમજ સુરત જિલ્લાના ઓલપાડ ,માંડવી અને માંગરોળ તાલુકાના ખેડૂતોની જીવાદોરી સમાન શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી ખાતે સુગર ના ચેરમેન અને અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ની ઉપસ્થિતિ માં આ સુગર ના ડીરેકટર જસવંતભાઈ પટેલ અને તેમના ધર્મપત્ની ના હસ્તે શેરડી પીલાણ નું શાસ્ત્રોક વિધિ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો જો કે પાછોતરો વરસાદ ના કારણે શેરડી પીલાણ નું કાર્ય પાછું ઠેલાય હતું આ પ્રસંગે સુગર ના વાઈસ ચેરમેન અને અંકલેશ્વર તાલુકા પંચાયત ના પ્રમુખ અરવિંદ પટેલ, ,સુગર ના ડિરેકટર નટવરભાઈ વસાવા સહીત ના ડિરેકટર અને સુગર ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શેરડી પીલાણ નો પ્રારંભ કરાવ્યો હતો. ગત સીઝન કરતા ચાલુ સિઝનમાં વધુ પીલાણ સાથે અંદાજે ૭ લાખ મેટ્રિક ટન પીલાણ થવાનો અંદાજ મુક્યો છે.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. •Printed At :-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028